સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 8 | સામાજિક વિજ્ઞાન | ઓગષ્ટ, 2020

સમય - 1 કલાક | કુલ ગુણ -25

અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome

અ.નિ. ભારતમાં યુરોપિયન પ્રજાનાં આગમનથી પડેલી દૂરગામી અસરો જણાવી શકશે.

પ્રશ્ન :1 પ્લાસી અને બકસરના યુદ્ધને પરિણામે અંગ્રેજો ભારતમાં શાસન સ્થાપવામાં સફળ રહ્યા. - સમજાવો. **(5)**

અ.નિ. પૃથ્વી પર આવેલ વિવિધ આવરણો અને તેની માનવ જીવન પર થતી અસરો જણાવી શકશે.

પ્રશ્ન– 2 માંગ્યા પ્રમાણે ઉત્તર આપો.

1. જલાવરણ દૂષિત થવાથી આપણા જીવનને શું નુકસાન થાય છે? **(2)**
2. નક્શાને આધારે જવાબ આપો.

- આપેલ દુનિયાના નક્શામાં ત્રિકોણ▲ની નિશાની કયું આવરણ દર્શાવે છે ? **(1)**
- આપેલ દુનિયાના નક્શામાં વર્તુળ ● ની નિશાની કયું આવરણ દર્શાવે છે ? **(1)**

3. વાતાવરણમાં આવેલ નાઇટ્રોજન વાયુ ઓક્સિજન વાયુ પર શી અસર કરે છે ? ટૂંકમાં જણાવો. **(1)**

અ.નિ. પૃથ્વીનાં આવરણો વિષયક માહિતી જાણી તેની જાળવણી માટેના ઉપાયો બતાવી શકશે.

પ્રશ્ન–3 (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **(2)**

1. અણુ પરીક્ષણોથી ..... ને નુકસાન થાય છે. (જલાવરણ, મૃદાવરણ, ભાવાવરણ)
2. .....ને કારણે વાતાવરણને નુકસાન થાય છે. (ગરમી, વાહનો, વરસાદ)

પ્રશ્ન–3 (બ) નીચે આપેલ આવરણની જાળવણી માટેના બે-બે ઉપાયો જણાવો.

1. વાતાવરણ 2. મૃદાવરણ 3. જલાવરણ **(3)**

અ.નિ. ભારતનાં બંધારણની વિશેષતાઓ જેવી કે, ધર્મ નિરપેક્ષતા, પ્રજાસત્તાક, સંઘરાજ્યો અને મૂળભૂત અધિકારોનું વર્ણન કરી શકશે.

પ્રશ્ન:4 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો

1. ભારતીય બંધારણની મુખ્ય વિશેષતાઓ કઇ કઇ છે ? **(1)**
2. કેન્દ્ર સરકારનાં મુખ્ય અંગો અને તેનું એક-એક કાર્ય જણાવો. **(2)**
3. તમારી અત્યારની ઉંમર જણાવો, તમે કેટલાં વર્ષ પછી ચૂંટણીમાં મત આપી શકશો ? **(1)**
4. 'ભારતના દરેક નાગરિકને પોતપોતાનો ધર્મ પાળવાની સ્વતંત્રતા છે.' – આ વિધાન બંધારણની કઈ વિશેષતા દર્શાવે છે? **(1)**

અ.નિ. વિદેશી પ્રજાએ ભારતમાં સામ્રાજ્ય સ્થાપવા ભારતીય શાસકોની નબળાઇઓનો કેવી રીતે ઉપયોગ કર્યો તે વર્ણવી શકશે.

પ્રશ્ન: 5 યોગ્ય જોડકાં જોડો. **(5)**

(અ)	(બ)
1. બંગાળ	1. પ્રથમ ત્રણ યુનિવર્સિટી પૈકી એક
2. મરાઠા રાજ્યો	2. મીરજાફરને નવાબ બનાવવાની લાલચ
3. પંજાબ	3. ખાલસાનીતિ
4. ઝાંસી	4. ભેદભાવની નીતિ
5. મુંબઈ	5. સહાયકારી યોજના

સામયિક મૂલ્યાંકન કસોટી (ગુજરાતી માધ્યમ)

ધોરણ - 8 સામાજિક વિજ્ઞાન ઓક્ટોબર, 2020

સમય - 1 કલાક કુલ ગુણ - 25

અ.નિ. પ્રાકૃતિક આપત્તિઓની યાદી બનાવી દરેકનો અર્થ અને સ્પષ્ટીકરણ કરી શકશે.

પ્રશ્ન:1 નીચે આપેલા જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે જોડો . (5)

(અ)	(બ)
1. ભૂકંપ	a. સમુદ્રસપાટી પર ખૂબ શક્તિશાળી મોજાં ઉત્પન્ન થાય છે.
2. ત્સુનામી	b. ભૂમિપ્રદેશનો ઉપરનો ભાગ નીચે તરફ ખસી જાય છે.
3. પૂર	c. હવાનું તોફાન ઉદભવે છે.
4. ભૂસ્ખલન	d. ભૂસપાટી એકાએક વેગથી ધ્રૂજી ઉઠે છે.
5. વાવાઝોડું	e. નદીમાં એકાએક ધસમસતો પાણીનો પ્રવાહ.

અ.નિ. પ્રાકૃતિક આપત્તિઓ ઉદભવવાના કારણો અને તેના કારણે થતી અસરો જણાવી શકશે.

પ્રશ્ન:2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો

1. જ્વાળામુખી વિસ્ફોટ થવાના બે કારણો જણાવી તેના બે ફાયદા જણાવો. (2)
2. વાવાઝોડાને લીધે માનવજીવન પર થતી મુખ્ય બે અસરો જણાવો. (1)
3. નદીમાં પૂર આવવાના મુખ્ય કારણો જણાવો. (1)
4. દાવાનળનું કારણ અને અસર જણાવો. (1)

અ.નિ. અંગ્રેજ શાસનની ભારત પર સામાજિક તથા આર્થિક અસરો જણાવી શકશે.

પ્રશ્ન:3(અ) અંગ્રેજ શાસનની ભારત પર થયેલ અસરો કૌંસમાં આપેલ છે જેનુ વર્ગીકરણ કરો. (2)

(ખેડૂતવર્ગ પાયમાલ થયો , ગ્રામ સ્વરાજ્યની પ્રથા નાશ પામી, લાખો કારીગરો બેકાર બન્યા, અંગ્રેજી કેળવણીની શરૂઆત થઇ)

A. આર્થિક અસરો	B. સામાજિક અસરો

પ્રશ્ન:3(બ) 'બ્રિટિશ શાસનના સુધારાઓ રાષ્ટ્રવાદના ઉદ્દેશ માટે આશીર્વાદરૂપ બન્યા.' - આ વિધાન સમજાવો. (3)

અ.નિ. વાતાવરણમાં બદલાતી જતી આબોહવાના કારણો બતાવી અને આબોહવાની માનવજીવન પર થતી અસરો જણાવી શકશે.

પ્રશ્ન:4(અ) **મને ઓળખો.** (3)

1. હું પૃથ્વીના વાતાવરણને ગરમ કરનારી 'ગ્રીન હાઉસ ઇફેક્ટ' છું.
2. હું કોઇપણ પ્રદેશની તાપમાન, ભેજ અને વરસાદની ટૂંકાગાળાની સરેરાશ સ્થિતિ છું.
3. ફોમ, પ્લાસ્ટિક, ફ્રિજ, AC વગેરેનો વપરાશ મારા ઉદભવ માટે જવાબદાર છે.

પ્રશ્ન:4(બ) **ગ્લોબલ વૉર્મિંગની અસરના કારણે જલાવરણને થયેલ નુકસાન જણાવો.** **(2)**

અ.નિ ભારતીય સંસદની રચના, તેના કાર્યો તથા સંસદીય વહીવટી કાર્યપ્રણાલી જણાવી શકશે.

પ્રશ્ન :5 નીચે આપેલા પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (5)

1. સંસદના ઉપલા અને નીચલા ગૃહનું નામ જણાવો.
2. રાજ્યસભાની કુલ સભ્યસંખ્યા જણાવી તેમાં ગુજરાત રાજ્યની બેઠકો કેટલી છે? તે જણાવો.
3. રાજ્યસભાનું સંચાલન કરનાર કયા નામે ઓળખાય છે? હોદ્દાની રૂએ આ સ્થાન કોણ શોભાવે છે?
4. 'ખરડો' એટલે શું ?
5. રાજ્યસભાના કોઇ પણ બે કાર્યો જણાવો.

સામયિક મૂલ્યાંકન કસોટી

સામાજિક વિજ્ઞાન

ધોરણ-8 જાન્યુઆરી, 2021

સમય: 1 કલાક કુલ ગુણ:25

[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]

અ.નિ. દેશને આઝાદ કરાવવા થયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને ક્રાંતિકારીઓ વિશે જણાવી શકશે.

પ્રશ્ન-1 નીચે આપેલ જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો. **(5)**

(અ)	(બ)
1. વીર સાવરકર	**1.** આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં ભારતનો ત્રિરંગી ધ્વજ સૌ પ્રથમવાર ફરકાવ્યો હતો.
2. ચંદ્રશેખર આઝાદ	**2.** અંગ્રેજ અફસર સોન્ડર્સના ખૂન કેસમાં ફાંસી આપવામાં આવી.
3. શ્યામજી કૃષ્ણવર્મા	**3.** મીઠું લઈને પસાર થતી હોડીઓને ઉથલાવી દેતા હતા.
4. મેડમ કામા	**4.** 'મિત્રમેલા' નામની સંસ્થા સ્થાપી.
5. ખુદીરામ બોઝ	**5.** લંડનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી.
	6. હું જીવતે જીવ અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહી.

અ.નિ. પર્યાવરણીય પ્રદૂષણ નિવારવાના ઉપાયો જણાવી શકશે.

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નો માટે યોગ્ય ઉત્તર આપો. **(5)**

1) પાણીનું પ્રદૂષણ અટકાવવાના બે ઉપાયો જણાવો.

2) પાણી પ્રદૂષણથી કયો રોગ થતો નથી?

(A) કમળો (B) ઝાડા-ઊલટી

(C) દમ (D) કોલેરા

3) નીચેનામાંથી કયો ઉપાય અજમાવવાથી જમીન પ્રદૂષિત થતી અટકાવી શકાય?

(A) દેશી ખાતર વાપરવું (B) જંતુનાશક દવા વાપરવી

(C) પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો (D) રાસાયણિક ખાતર વાપરવુ.

4) હવાનું પ્રદૂષણ અટકાવવા માટે શું કરવું જોઈએ?

(A) પેટ્રોલથી ચાલતાં વાહનનો ઉપયોગ કરવો

(B) ડિઝલવાળાં વાહનનો ઉપયોગ કરવો

(C) પેટ્રોલ-ડિઝલથી ચાલતાં વાહનનો ઉપયોગ કરવો

(D) CNG અને PNG થી ચાલતાં વાહનનો ઉપયોગ કરવો.

5) આપણે દિવાળીના તહેવારમાં ફટાકડા ન ફોડીએ તો.....

(A) જમીનનું પ્રદૂષણ થતુ અટકશે. (B) અવાજનું પ્રદૂષણ થતુ અટકે

(C) પાણીનું પ્રદૂષણ થતુ અટકશે. (D) કોઈ ફેર નહિ પડે.

અ.નિ. ભારતમાં ઉદ્ભવેલ રાષ્ટ્રવાદનાં કારણો અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ વિશે જણાવી શકશે.

પ્રશ્ન-3 માગ્યા મુજબ જવાબ આપો.

1) રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરવા માટે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારને મહત્વના પરિબળ તરીકે સમજાવો. (2)

2) **ટૂંકનોંધ લખો.** : હોમરૂલ આંદોલન (3)

અ.નિ. સત્તરમા અને અઢારમા સૈકા(સદી)ની ભારતની સામાજિક તથા ધાર્મિક પરિસ્થિતિ વર્ણવી શકશે.

પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1) દયાનંદ સરસ્વતીએ દેશની એકતા માટે કરેલા પ્રયત્નો ટૂંકમાં વર્ણવો. (2)

2) સર સૈયદ અહમદખાને કેળવણી માટે કરેલા પ્રયત્નો વિશે જણાવો. (2)

3) જ્યોતિબા ફૂલેએ સ્ત્રીઓના ઉદ્ધાર માટે કરેલા બે પ્રયત્નો જણાવો. (1)

અ.નિ. સર્વોચ્ચ અદાલતની કાર્યપ્રણાલી અને તેનું મહત્વ જણાવી શકશે.

પ્રશ્ન-5 (અ) નીચેના વિધાનો ખરા છે કે ખોટાં તે જણાવો. (3)

1) બધી અદાલતોમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઉચું છે. [ ]

2) રાજ્ય-રાજ્ય વચ્ચેના વિવાદોનો ઉકેલ લાવવાનું કામ વડી અદાલતનું છે. [ ]

3) ભારતના દરેક વ્યક્તિને અદાલતમાં ન્યાય મેળવવાનો અધિકાર છે. [ ]

પ્રશ્ન-5 (બ) માગ્યા મુજબ ઉત્તર લખો. (2)

1) સંતોષભાઈને વડીઅદાલતમાં ન્યાય મળ્યો નથી, તો તે હવે કઈ અદાલતમાં જશે?

2) અદાલતોને ચઢતા ક્રમમાં ગોઠવો.

હાઈકોર્ટ, સેશન્સ કોર્ટ, સબડિવિઝન મેજિસ્ટ્રેટ કોર્ટ, સુપ્રીમ કોર્ટ

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ- 8 **સામાજિક વિજ્ઞાન** **તા. 28/01/2022**

સમય: 1 કલાક **કુલ ગુણ-25**

પ્રશ્ન-1 એક વાક્યમાં ઉત્તર લખો. **(5)**

(1) ગુજરાતમાં કઈ શૈલીનાં ચિત્રો વિશેષ મળી આવ્યાં છે ?

(2) અજંતા ઈલોરાની ગુફાઓના વિશ્વ વિખ્યાત ચિત્રો કયા સમયકાળ દરમિયાન નિર્માણ પામ્યા હતા ?

(3) રાજપૂત ચિત્રશૈલીમાં કેન્દ્રમાં કઈ બાબતો હતી?

(4) ભારતીય ચિત્રકલાનો પ્રથમ પુરાવો કોને ગણવામાં આવે છે ?

(5) આધુનિક ભારતીય ચિત્રકલાના ભીષ્મ પિતામહ તરીકે કોને ઓળખવામાં આવે છે? શા માટે?

પ્રશ્ન-2 માગ્યા મુજબ ઉત્તર લખો.

(1) ભારતના લોકોએ 'સાયમન કમિશન'નો બહિષ્કાર શા માટે કર્યો ? **(2)**

(2) ટૂકનોંધ લખો: દાડીકૂચ **(3)**

પ્રશ્ન-3 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **(5)**

(1) 'ચલો દિલ્હી'નું સુત્ર કોણે આપ્યું હતું ?

(2) 'તીનકઠિયા' પદ્ધતિ કયા સત્યાગ્રહ સાથે જોડાયેલી છે ?

(3) કોઈ એક જહાલવાદી નેતાનું નામ જણાવો.

(4) 'હિંદ છોડો' આંદોલનમાં પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?

(5) ભારતના સરહદ પ્રાંતના વિસ્તારના 'સરહદના ગાંધી' તરીકે કોણ ઓળખાય છે ?

પ્રશ્ન-4 નીચે આપેલ જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો. **(5)**

અ	બ
(1) શ્યામજી કૃષ્ણવર્મા	(A) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત કરી
(2) એ.ઓ.હ્યુમ	(B) 'મિત્ર મેલા'નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી
(3) વાસુદેવ બળવંત ફડકે	(C) અસહકાર આંદોલન શરૂ કર્યું
(4) વિનાયક સાવરકર	(D) 'ઈન્ડિયન હોમરૂલ સોસાયટી'ની ઈંગ્લેન્ડમાં સ્થાપના કરી
(5) મહાત્મા ગાંધીજી	(E) 'ન્યુ ઈન્ડીયા'સાપ્તાહિક શરૂ કર્યું
	(F) હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનામાં મહત્વનો ફાળો

પ્રશ્ન-5 માગ્યા મુજબ જવાબ લખો.

(1) કારણ આપો: માનવી પર્વતોની સરખામણીએ મેદાની વિસ્તારમાં રહેવાનું પસંદ કરે છે. **(3)**

(2) વસતી-વિતરણને અસર કરનાર કોઈ પણ બે ભૌગોલિક પરિબળોના નામ જણાવો. **(2)**

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	SS819	આધુનિક સમયમાં કલાક્ષેત્રમાં થયેલ સિમાચિહ્નરૂપ વિકાસને દર્શાવે છે.
2 અને 3	SS820	ઈ.સ.1870થી આઝાદીકાળ સુધીના ભારતીય ચળવળના સીમાચિહ્નો દર્શાવે છે.
4	SS821	રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સીમાચિહ્નરૂપ કાર્યોનું વિશ્લેષણ કરે છે.
5	SS803	દુનિયાના નકશામાં વસ્તીના અસમાન વિતરણનું અર્થઘટન કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 8 | સામાજિક વિજ્ઞાન | ઓક્ટોબર, 2021

સમયઃ 1 કલાક | કુલ ગુણઃ 25

SS811 બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં સર્વોચ્ચ સત્તા કઈ રીતે બની તે સમજે છે અને સમજ પ્રદર્શિત કરે છે.

પ્રશ્ન- 1 **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો.** **(5)**

(1) ભારતમાં આવનાર સૌ પ્રથમ યુરોપિયન પ્રજા કઈ હતી?

(અ) ફ્રેંચો (બ) અંગ્રેજો (ક) પોર્ટુગીઝ (ડ) ડચ

(2) બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો ભારતમાં આવવાનો મુખ્ય હેતુ શો હતો?

(અ) વેપાર કરવાનો (બ) સત્તા સ્થાપવાનો (ક) યુદ્ધ કરવાનો (ડ) ભારત દેશ જોવાનો

(3) કયા યુદ્ધથી અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સા એમ ત્રણ પ્રદેશના દીવાની અધિકારો પ્રાપ્ત થયા?

(અ) પ્લાસીના યુદ્ધથી (બ) બકસરના યુદ્ધથી (ક) મરાઠા યુદ્ધથી (ડ) ઉપર પૈકી એકેય નહી

(4) અંગ્રેજોની ભારતમાં સત્તા સ્થાપવાની શરૂઆત કયા યુદ્ધના વિજયથી થઈ?

(અ) મરાઠા યુદ્ધથી (બ) મૈસુર-વિગ્રહ (ક) પ્લાસીના યુદ્ધથી (ડ) બકસરના યુદ્ધથી

(5) અંગેજોએ ભારતમાં સત્તા સ્થાપવા શેનો આશરો લીધો હતો?

(અ) ધમકી (બ) ઈનામ (ક) સમાધાન (ડ) કુટનીતિ

SS812 ભારતના વિવિધ પ્રાંતોમાં બ્રિટિશ સરકારની ખેતીવિષયક ભેદભાવની નીતિની અસર સમજે છે અને સમજાવે છે (દા.ત.ગળી ઉત્પાદકોનો બળવો)

પ્રશ્ન-2 **નીચે આપેલા જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.** **(5)**

અ	બ
(1) કાયમી જમા બંધી	(1) પશ્ચિમ ભારત નો મહત્વનો રોકડિયા પાક
(2) રૈયતવારી પદ્ધતિ	(2) ભારતમાં ગળી ઉત્પાદનની બે પ્રથા
(3) મહાલવારી પદ્ધતિ	(3) મુંબઈ અને ચેન્નાઇ પ્રાંતોમાં લાગુ કરવામાં આવી
(4) 'નીજ' અને 'રૈયતી'	(4) જમીનદારને જમીનના અને જમીન મહેસુલના હક્ક આપવામાં આવ્યા
(5) કપાસ	(5) પૂર્વ ભારતનો મહત્વનો રોકડિયા પાક
	(6) સમગ્ર ગામ કે ગામની જમીનના આધારે મહેસુલ નક્કી કરવામાં આવતું

SS814 ભારતમાં સંસ્થાનવાદીઓની આદિજાતિ સમૂહો તરફની નીતિઓ સમજે છે.

પ્રશ્ન-3 (અ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. **(3)**

(1) ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ જનજાતિ સમુદાયોના મુખિયાઓની સત્તા પર કાપ મૂક્યો.

(2) મુંડાઓના મતે કંપની તેમના પરંપરાગત હકોનું ધોવાણ કરી વેઠ કરાવે છે.

(3) અંગ્રેજો એવુ ઈચ્છતા હતા કે આદિવાસીઓ એક જગ્યાએ રહીને ખેતી કરીને ખૂબ આગળ વધે.

(બ) માગ્યા મુજબ જવાબ આપો. (2)

(1) 'ઉલગુલાન' ચળવળમાં બિરસા મુડાંએ આદિવાસીઓને કરેલી હાકલ (ઉપદેશ)ની બે બાબતો લખો.

SS806 **પૃથ્વી પરના માનવીય અને કુદરતી સંસાધનોના અસમાન વિતરણનું વિશ્લેષણ કરે છે.**

પ્રશ્ન:-4 માગ્યા મુજબ ઉત્તર લખો.

(1) કુદરતી સંસાધનનો અર્થ જણાવો. (1)

(2) વિરલ સંસાધનનું એક ઉદાહરણ આપો. (1)

(3) ટૂંકનોંધ લખો: સંસાધન તરીકે જળ (3)

SS807 **તમામ વિસ્તારોના વિકાસને જાળવી રાખવા માટે કુદરતી સંસાધનોના ન્યાયિક ઉપયોગને દર્શાવે છે જેવા કે જળ,જમીન,જંગલ વગેરે.....**

પ્રશ્ન:-5 માગ્યા મુજબ ઉત્તર લખો.

(1) જમીનનું ધોવાણ કેવી રીતે અટકાવી શકાય ? (2)

(2) જંગલો આપણને ખૂબ ઉપયોગી છે. વિધાન સમજાવો. (3)